PGVCL                પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૫/કવા–૦૩/૧૭–૧૮/ ૭૧૧        તા. 08-01-18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
જય મોમાઈ સીરેમીક ઈન્ડ. સ્ટ્રીઝ,
C/o રસીકભાઈ હીરાભાઈ
ખોડિયાર મંદીર ની બાજુમા
ગામ: જાંબુડીયા,
તા. જી. મોરબી
મો: ૯૮૨૪૦ ૫૧૦૮૧

વિષય :–પુરવણીબીલ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૧૮–૧૧–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૪૫/કવા–૦૩/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી મોરબી
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, મોરબી
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી, લાલપુર

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

કેસ નં. : સીજીઆરએફ : ૪૫/કવા–૦૩/૧૭–૧૮ કમિટી મીટીંગ: તા. ૨૭–૧૨–૧૭ સ્થળ : રાજકોટ

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: જય મોમાઈ સીરેમીક ઈન્ડ. સ્ટ્રીઝ, ગામ: મોરબી

રજુઆત કરનાર: જય મોમાઈ સીરેમીક ઈન્ડ. સ્ટ્રીઝ ના પાર્ટનર રસીકભાઈ હીરાભાઈ ઉભડીયા હાજર રહેલ હતા.

વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી, લાલપર (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, મોરબી)

રજુઆત કરનાર :આર.પી. ભટટ – વિભાગીય કચેરી, મોરબી

## : હુકમ :

ફરીયાદ : પુરવણીબીલ બાબત

મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ જય મોમાઈ સીરેમીક ઈન્ડ. સ્ટ્રીઝ, ના નામથી ગ્રાહક નં: ૮૭૫૧૮/૦૦૦૨૯/૨ થી ૧૦૦ કીવો નુ એલ.ટી.એમ.ડી વીજજોડાણ – ગામ જાંબુડીયા ખાતે – લાલપર ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી હેઠળ ધરાવે છે. તા.૦૧–૦૬–૧૭ ના રોજ સદર વીજ સ્થાપન નુ વીજ મીટર નુ ચેકીંગ કરવામા આવેલ – તે મુજબ સદર મીટર ધીમુ ફરે છે. તેમ જણાવી – સદર મીટર ની જગ્યાએ નવુ મીટર બદલાવેલ – જેની એક નકલ અમોને આપેલ.<br>• તા.૦૯–૦૬–૧૭ ના રોજ લેબોરેટરી ચેકીંગ દરમ્યાન – સદર મીટર ની ચકાસણી કરવામા આવતા મીટર મા કોઈ ક્ષતિ જણાયેલ ન હતી. પીજીવીસીએલ ની સબંધક કચેરી દ્રારા તા.૨૨ –૦૬–૧૭ ના રોજ, તેઓને સ્લોનેસ અંગેનુ પુરવણીબીલ રૂ.૧,૮૯,૬૦૪/૮૬ નુ અપાયેલ હતુ.<br>• સદર બાબતે તેઓ સીવીલ જજ મોરબી કોર્ટ મા દિવાની દાવા નંબર: ૧૫૫/૨૦૧૭ તા.૧૮–૦૭–૧૭ ના રોજ દાખલ કરેલ. જેના જવાબ મા પીજીવીસીએલ દ્રારા તા.૨૨–૦૭–૧૭ ના રોજ જવાબ રજુ કરેલ. જેમા – તેઓને તા.૨૧–૦૭–૧૭ ના રોજ રૂ.૨,૯૦,૪૪૦/૫૪ નુ પુરવણીબીલ ભરપાઈ કરવા માટે જણાવેલ હતુ.<br>• ઉપરોક્ત કોર્ટ કેઈસ બાબતે, તેઓનો દિવાની દાવો તા.૨૨–૦૭–૧૭ ના રોજ રદબાતલ કરેલ હતો. અને જણાવેલ કે સદર તકરાર બાબતે – નામદાર જીઈઆરસી ના ઈલેકટ્રીસીટી એકટ – ૨૦૧૧ મુજબ – ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર મા આગળ ની કાર્યવાહી કરવા જણાવેલ. તેઓ દ્રારા સદર પુરવણીબીલ ની રકમ ભરપાઈ કરવાની છેલ્લી તા.૨૭–૦૭–૧૭ ની હતી. તેમ છતા, તેઓનુ વીજ જોડાણ તા.૨૫–૦૭–૧૭ ના રોજ ડીસકનેકટ કરી નાખેલ.<br>• ઉપરોક્ત સદર પુરવણીબીલ બાબતે – તેઓએ ૫૦% રકમ ભરપાઈ કરી અને વીજ જોડાણ ચાલુ કરવા માટે તા.૧૩–૦૮–૧૭ ના રોજ અરજી કરેલ હતી. પરંતુ, પીજીવીસીએલ દ્રારા કોઈ નિર્ણય ન લેતા, તેઓએ ગુજરાત હાઈકોર્ટ મા સ્પેશીયલ સીવીલ એપ્લીકેશન નંબર: ૧૫૨૫૮/૨૦૧૭ ના ઓરલ ઓર્ડર તા.૦૩–૧૧–૧૭ મુજબ દાખલ કરેલ – નામદાર ગુજરાત હાઈકોર્ટ ના આદેશ અનુસાર – તેઓએ ૫૦% ની રકમ તા.૦૬–૧૧–૧૭ સુધીમા અને બાકી ની રકમ ત્યારબાદ ના ૦૨ અઠવાડીયા મા ભરપાઈ કરવા જણાવેલ હતુ. ત્યારબાદ, ફરીથી સદર બાબત અંગે ની રજુઆત – ફોરમ સમક્ષ કરવા જણાવેલ. જો, ફરીયાદી અરજદાર દ્રારા ૫૦% ની રકમ ભરપાઈ થયે– પીજીવીસીએલ ને સદર વીજ જોડાણ – રીકનેકશન કરવુ તેમ જણાવેલ હતુ.<br>• નામદાર ગુજરાત હાઈકોર્ટ ના હુકમ અનુસાર – ૫૦% ની રકમ જમા કરાવી દીધેલ હોવાથી, તેઓનુ વીજ જોડાણ ડીસકનેકટ ન કરવા અંગે અને ગુજરાત ઈલેકટ્રીસીટી એકટ ની કલમ – ૧૨૬ ની પ્રક્રીયા અનુસર્યા વગર અપાયેલ પુરવણીબીલ ગેરકાયદેસર હોય, રદબાતલ કરવા – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

મુદ્દા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર શ્રી જય મોમાઈ સીરેમીક ઈન્ડ. સ્ટ્રીઝ, ના નામથી ગ્રાહક નં: ૮૭૫૧૮/૦૦૦૨૯/૨ થી ૧૦૦ કીવો નુ એલ.ટી.-એમ.ડી વીજજોડાણ – ગામ જાંબુડીયા ખાતે – લાલપર ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી હેઠળ ધરાવે છે. તેઓને જોડાણ તા.૦૪–૧૧–૯૮ ના રોજ થી અપાયેલ છે. સદર વીજ જોડાણ તા.૦૧–૦૬–૧૭ ના રોજ ગ્રાહક ની હાજરી મા ચેક કરતા, સદર વીજ સ્થાપન નુ વીજ મીટર ચેકીંગશીટ નં. એનઆઈડીસી –૪૩૯ મુજબ ૩૨.૧૯% ધીમુ ફરતુ જણાયેલ છે. જે અન્વયે તા.૦૧–૦૬–૧૭ ના રોજ સબંધક પીજીવીસીએલ કચેરી દ્વારા સદર સવાલવાળુ મીટર – પર્ફોમા –૧૫ નંબર:૪૭૭૯૫ મુજબ – બદલી કરેલ – જેની મીટર તપાસણી લેબોરેટરી મા તા.૦૯–૦૬–૧૭ ના રોજ – ગ્રાહક ની હાજરી મા કરવામા આવેલ – જેની વિગત નીચે મુજબ છે. |

| Particulars | Old Meter Replace Dt.01.06.17 | New Meter Installed Dt.01.06.17 | Old Meter-As per MTLab Dt.09.06.17 |
|---|---|---|---|
| Make | VISIONTEK | GENUS | VISIONTEK |
| Meter No | PG148047 | PG169585 | PG148047 |
| Capacity | 200/5 | 200/5 | 200/5 |
| C. Reading | 152466.7 | | 152468.7 |
| REMARKS | ચેકીંગ શીટ તા.૦૧–૦૬–૧૭ મુજબ, મહતમ વીજ ડિમાન્ડ ૪૮ કીલોવોટ બતાવેલ છે. અને ૩૨.૧૯ % મીટર સ્લો છે. | | મીટર ના સીલ અને વાયરીંગ બરાબર છે. અને ૩૨ . ૧૯ % મીટર ધીમુ રેકોર્ડીંગ કરતુ બતાવેલ છે. આંતરીક ક્ષતિ ને કારણે વધુ ચકાસણી અર્થે એમ.આર.આઈ. લેવા માટે કંપની મા મોકલવામા આવશે. |

- સદર સવાલવાળુ મીટર ધીમુ રેકોર્ડીંગ કરતુ હોય, સ્લોનેસ મીટર અંગે નુ પુરવણીબીલ માહે ડિસેમ્બર–૧૬ થી મે–૧૭ સુધી મા, એમ ૦૬ માસ નુ રૂ.૧,૮૯,૬૦૪/૮૬ નુ અરજદાર ને દિવસ–૦૭ મા ભરપાઈ કરવા માટે પીજીવીસીએલ ના પત્ર તા.૨૨ –૦૬–૧૭ ના રોજ મોકલાયેલ હતુ.
- તા.૧૯–૦૭–૧૭ ના રોજ – સવાલવાળા મીટર નો એમ.આર.આઈ. અહેવાલ – મીટર ની કંપની માથી આવતા – બીલ ને રીવાઇઝ ( તા.૧૭–૦૩–૧૬ થી તા.૦૫–૦૬–૧૭) કરી રૂ.૨,૯૦,૪૪૦/૫૪ નુ પુરવણીબીલ ગ્રાહક ને તા.૨૧ –૦૭–૧૭ ના રોજ પાઠવવામા આવેલ – જે દિવસ–૦૭ મા ભરપાઈ કરવા અરજદાર ને જણાવાયેલ હતુ – અન્યથા કંપની ના નિયમાધીન રીતે કાર્યવાહી કરવામા આવશે, તેમ જણાવેલ હતુ.
- અરજદાર દ્વારા સીવીલ જજ મોરબી કોર્ટ મા દિવાની દાવા નંબર: ૧૫૫/૨૦૧૭ તા.૧૮–૦૭–૧૭ ના રોજ દાખલ કરેલ. જેના જવાબ મા પીજીવીસીએલ દ્વારા તા.૨૨–૦૭–૧૭ ના રોજ જવાબ રજુ કરેલ – જે અન્વયે – નામદાર સીવીલ જજ મોરબી ની કોર્ટ દ્વારા – ફરીયાદી અરજદાર નો દિવાની દાવો તા.૨૨–૦૭–૧૭ ના રોજ રદબાતલ કરેલ હતો અને જણાવેલ કે સદર તકરાર બાબતે – નામદાર જીઈઆરસી ના ઈલેકટ્રીસીટી એકટ – ૨૦૧૧ મુજબ – ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર મા આગળ ની કાર્યવાહી કરવા જણાવેલ.
- પીજીવીસીએલ ની પેટા વીભાગીય કચેરી, લાલપર દ્વારા – પુરવણીબીલ અંગે ની રકમ અરજદાર દ્વારા ભરપાઈ ન થતા, સદર વીજ જોડાણ તા.૨૫–૦૭–૧૭ ના રોજ ડિસકનેકટ કરાયેલ હતુ.
- અરજદાર દ્વારા ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર મા તા.૧૦–૦૮–૧૭ ના રોજ અરજી કરેલ. તેમજ અરજદાર દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટ મા સ્પેશીયલ સીવીલ એપ્લીકેશન નંબર: ૧૫૨૫૮/૨૦૧૭ તા.૨૩–૦૮–૧૭ થી દાખલ કરેલ હતી.
- તા.૨૬–૦૯–૧૭ ના રોજ અરજદાર ને ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની મીટીંગ મા – અરજદાર ને હાજર રહેવા માટે જણાવેલ હતુ. પરંતુ, અરજદાર શ્રી હાંજર રહેલ ન હોય, તેમજ પીજીવીસીએલ ના જણાવ્યા મુજબ – સદર બાબતે અરજદાર દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટ અમદાવાદ મા દાવો દાખલ કરેલ હોય – જીઈઆરસી ના નોટીફિકેશન નં.: ૦૨/૨૦૧૧ ના મુદદા નં. (૧) મુજબ ની વિગતે – ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની સતાક્ષેત્ર બહાર હોય – ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર દ્વારા વિશેષ કાંઈ કરવાનુ રહેતુ ન હોવાથી – અરજી દફતરે કરેલ હતી.

| | |
|---|---|
| | • ગુજરાત હાઈકોર્ટ મા સ્પેશીયલ સીવીલ એપ્લીકેશન નંબરઃ ૧૫૨૫૮/૨૦૧૭ ના ઓરલ્ ઓર્ડર તા.૦૩–૧૧–૧૭ ના આદેશ અનુસાર – ફરીયાદી અરજદાર ને ૫૦% ની રકમ તા.૦૬–૧૧–૧૭ સુધીમા અને બાકી ની રકમ ત્યારબાદ ના ૦૨ અઠવાડીયા મા ભરપાઈ કરવા જણાવેલ હતુ. અરજદાર દ્વારા ૫૦% રકમ ભરપાઈ થયે – સદર વીજ જોડાણ – રીકનેકટ કરવા માટે પીજીવીસીએલ ને જણાવેલ હતુ. તેમજ અરજદાર ને ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર મા સદર બાબતે – ફરીથી જરૂર જણાય તો અરજી કરી શકશે.<br>• અરજદાર દ્વારા પુરવણીબીલ ની રકમ તા.૧૮–૧૧–૧૭ ના રોજ ૧૦૦% ભરપાઈ કરી આપેલ.<br>• સદર બાબત – ગુજરાત હાઈકોર્ટ મા અમદાવાદ ના ઓર્ડર તા.૦૩–૧૧–૧૭ ના આદેશ અનુસાર, અરજદાર દ્વારા ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર – રાજકોટ મા તા.૨૦–૧૧–૧૭ ના રોજ ન્યાય મેળવવા માટે અરજી કરેલ. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | • અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે – પીજીવીસીએલ દ્વારા તા.૨૧ –૦૭–૧૭ ના રોજ સ્લોનેશ અંગે નુ પુરવણીબીલ – સવાલવાળા – મીટર ના એમ.આર.આઈ. અહેવાલ મુજબ – રૂ.૨,૯૦,૪૪૦/૫૪ પાઠવવામા આવેલ – જે નિયમાધીન હોય, જે યોગ્ય છે.<br>• ફરીયાદી અરજદાર ના રજુઆત મુજબ નુ પુરવણીબીલ દિવસ–૦૭ મા ભરપાઈ કરવા માટે પીજીવીસીએલ ના પત્ર તા.૨૧–૦૭–૧૭ ના રોજ જણાવાયેલ હતુ. એટલેકે છેલ્લી તારીખઃ ૨૭–૦૭–૧૭ સુધી મા બીલ ભરપાઈ કરવુ. પરંતુ, અરજદાર નુ સદર વીજ જોડાણ તા.૨૫ –૦૭–૧૭ ના રોજ ડીસકનેકટ કરાયેલ છે, જે તેઓને અન્યાય થયેલ છે. સદર બાબત – સમયમર્યાદા પહેલા – વીજ જોડાણ ડીસકનેકટ કરાયેલ છે. જે ખૂબજ ગંભીર બાબત છે, જેથી કસુરવાર કર્મચારી સામે શિસ્તભંગ ના પગલા લેવા – તેવો ફોરમ કમિટી નો અભિપ્રાય છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે ની બન્ને પક્ષકારો ને જાણકારી આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.